# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

બેઠક ક્રમાંક-૩/૨૦૧૪

## ગાંધીનગર

બાળ વિશ્વવિદ્યાલય

सत्यम् ऋतम् बृहत्

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક

તા.૦૪/૦૯/૨૦૧૪ સમય:૧૧:૦૦ કલાક

સ્થળ: ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

## -કાર્યવાહી નોંધ-

(મિનિટ્સ)

| એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ |
|---|

| તા.૦૪/૦૯/૨૦૧૪ |
|---|

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની એક્ઝિક્યુટીવ કાઉન્સિલની ત્રીજી મીટિંગ મા.કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૪/૦૯/૨૦૧૪ને શુક્રવારના રોજ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે મળી હતી. જેમાં સભ્યશ્રીઓની ઉપસ્થિતી અને અનઉપસ્થિતી નીચે મુજબ હતી.

| | | | |
|---|---|---|---|
| ૧. | મા.કુલપતિ શ્રી હર્ષદભાઇ શાહ | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ગુજરાત સરકારના સચિવશ્રી ઉચ્ચશિક્ષણ, વતી મા. શ્રી ડી.એમ.સોલંકી (સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર) | સભ્યશ્રી | હાજર |
| ૩. | ગુજરાત સરકારના સચિવશ્રી નાણાવિભાગ | સભ્યશ્રી | ગેરહાજર |
| ૪. | ઉચ્ચશિક્ષણ કમિશનર ગુજરાત રાજ્ય, વતી મા. શ્રી ડી.એમ.સોલંકી (સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર) | સભ્યશ્રી | હાજર |
| ૫. | મા.ડૉ.ઘનશ્યામભાઇ ડી. રાવલ | સભ્યશ્રી | હાજર |
| ૬. | મા.શ્રી નીપાબેન મહેતા | સભ્યશ્રી | ગેરહાજર (અધ્યક્ષશ્રીની અનુમતીથી...) |
| ૭. | મા.ડૉ.સુજલ એ.મુન્શી | સભ્યશ્રી | હાજર |
| ૮. | મા.ડૉ.મહેન્દ્રભાઇ પી. ચોટલિયા | સભ્યશ્રી | હાજર |
| ૯. | મા.શ્રી એમ.જી.વ્યાસ (ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ ઓફિસર(I/C) ) | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | મા.શ્રી અમિત આઇ.જાની (રજિસ્ટ્રારશ્રી(I/C) ) | સભ્ય સચિવશ્રી | હાજર |

- **<u>આ સાથે એક્ઝિક્યુટીવ કાઉન્સિલ મીટિંગની કાર્યવાહી નોંધ(મિનિટ્સ) સામેલ છે.</u>**

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા.૦૪/૦૯/૨૦૧૪

## એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી

**બાબત ક્રમાંકઃ૧** **તા. ૦૬/૦૬/૨૦૧૪ના રોજ મળેલી એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહી મંજૂર કરવા બાબત. (બિડાણ-૧).**

ઠરાવ ક્રમાંક-૧ તા.૦૬/૦૬/૨૦૧૪ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની કાર્યવાહીને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.

**બાબત ક્રમાંકઃ૨** **ઓડિયો સીડી બનાવવા બાબત.**

ઠરાવ ક્રમાંક-૨ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે આ સ્પેશિયલ પ્રકારની કામગીરી છે. ગત સમયે ત્રણ કલાકારો એ કામ કરેલ હતુ તેમાં હવે પછી કરવાનું કામ શ્રી રવિન નાયક પાસે કરાવવુ વધુ ઉચિત જણાય છે. તેથી સંગીતકાર શ્રી રવિન નાયક પાસે ત્રણ ઓડિયો સીડી બનાવવા આપવી અને આ કામગીરી માટે મા.કુલપતિશ્રીને તમામ સત્તા આપવામાં આવે છે.

વધુમાં સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે સંગીતના પ્રચાર-પ્રસાર માટે જરૂરી લાગે તે ગીતોને Website પર Free Downloadમાં મૂકવા. અન્ય સારા ગીતોની યાદી તથા ગીતોને પણ Website પર મૂકવા તથા ગુજરાતના લાકો, સંસ્થાઓ આ ગીતોનું સ્વરૂપ(સંગીત સાથે) તૈયાર કરી મોકલે તથા તેમાંથી પસંદ થયેલા સારા ગીતોને પુરસ્કાર આપી શકાય.

અત્યાર સુધી તૈયાર થયેલા ગીતો પર અભિનયગીત તૈયાર કરી શાળા, સંસ્થા મોકલે તથા તેમાંથી પસંદ થયેલા સારા અભિનયગીતોને પુરસ્કાર આપી શકાય.

<u>બાબત ક્રમાંકઃ૩</u> **મા. કુલપતિશ્રીની શોધસમિતિ બાબતે લીધેલા પગલાં – જાણ સારૂં.**

<u>ઠરાવ ક્રમાંક-૩</u> મા. કુલપતિશ્રીની શોધસમિતિ બાબતે લીધેલા પગલાંની નોંધ લેવામાં આવી.

<u>બાબત ક્રમાંકઃ૪</u> **મા. કુલપતિશ્રીએ નાણાસમિતિ વતી રમતોત્સવ માટે રૂ. ૮.૨૫ લાખનું બજેટ મંજૂર કરેલ છે તે બાબત.**

<u>ઠરાવ ક્રમાંક-૪</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે મા. કુલપતિશ્રીએ નાણાસમિતિ વતી રમતોત્સવ માટે રૂ. ૮.૨૫ લાખનું બજેટ મંજૂર કરવામાં આવે છે.
વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સાથે જરૂરી બદલાવ સાથે કાર્યક્રમ કરવા મા.કુલપતિશ્રીને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે.

<u>બાબત ક્રમાંકઃ૫</u> **રોસ્ટર ક્રમ મંજૂર કરવા અને નમૂનાનું ફોર્મ મંજૂર કરવા બાબત.**

<u>ઠરાવ ક્રમાંક-૫</u> આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે મા.કુલપતિશ્રીએ રચેલી રોસ્ટરક્રમ અંગે સમિતિની તા. ૨૨/૦૮/૨૦૧૪ની કાર્યવાહી નોંધ મુજબ રોસ્ટરક્રમ મંજૂર કરવામાં આવે છે.

વધુમાં સર્વાનુમતે જાહેરાત અને જરૂરી નમુનાનાં ફોર્મ મંજૂર કરવામાં આવે છે. ભરતીની આનુસાંગિક કાર્યવાહી કરવા માટે મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મીટિંગ

તા.૦૪/૦૯/૨૦૧૪

બાબત ક્રમાંકઃ૬ **યુનિવર્સિટી પરિસરની ખુલ્લી જગ્યામાં ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ અને ક્રીડાંગણના વિકાસ માટે ટેન્ડર પ્રક્રિયા બાબત. જેનો અંદાજિત ખર્ચ રૂ. ૩૦ લાખ થાય તેમ છે.**

ઠરાવ ક્રમાંક-૬ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પરિસરની ખુલ્લી જગ્યામાં ગાર્ડનીંગ, લેન્ડ સ્કેપીંગ અને ક્રીડાંગણના વિકાસ માટે અંદાજિત ખર્ચ રૂ. ૩૦ લાખની ટેન્ડર પ્રક્રિયાને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે. તેમાં જરૂરી ફેરફાર કરવાની તથા આનુસંગિક કાર્યવાહી કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવામાં આવે છે.

બાબત ક્રમાંકઃ૭ **યુનિવર્સિટીના વિવિધ કાર્યો તથા સંચાલન માટે M.O.U કરવા બાબત .**

ઠરાવ ક્રમાંક-૭ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિવિધ કાર્યો તથા સંચાલન માટે જરૂરી કોઇપણ પ્રકારના M.O.U કરવા મા.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

તારીખઃ ૦૪/૦૯/૨૦૧૪

સ્થળઃ- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,

સુભાષચંદ્ર બોઝ શિક્ષણ સંકુલ, સેકટર-૨૦,ગાંધીનગર

કુલસચિવશ્રી (I/C)